

# બેસ્ટ ફ્રેન્ડસ સાથે ફોટો ક્લિક કરવા માટે ઈન્ટરેસ્ટિંગ પોઝ



દરેક વ્યક્તિના જીવનમાં દોસ્તી એક અનમોલ સંબંધ હોય છે. ઘણી એવી વાતો હોય છે જે આપણે પેરન્ટસ કે ભાઈબહેન સાથે શેર કરી શકતાં નથી ત્યારે એક સાચો મિત્ર જ આપણા કામમાં આવે છે, સાચી સલાહ આપે છે અને કોઈ મુશ્કેલી હોય તો એમાંથી બહાર નીકળવાનો ઉકેલ પણ આપે છે. આપણને બીજા સંબંધો તો જન્મ સાથે મળે છે પરંતુ મિત્ર જ એક એવો સંબંધ છે જે આપણે આપણી પસંદ મુજબ બાંધી શકીએ છીએ. લાઈફમાં ફ્રેન્ડશિપનો સંબંધ ખાસ માનવામાં આવે છે.

આપણે મિત્રો સાથે હરીએફરીએ છીએ, મોજમસ્તી કરીએ છીએ અને આ મેમરી તસવીરોમાં કેદ થાય એ માટે ફોટા પણ ક્લિક કરાવીએ છીએ અથવા તો આજના જમાના પ્રમાણે સેલ્ફી લઈએ છીએ. આવતી કાલે 'ફ્રેન્ડશિપ ડે' છે અને તમે પણ આ દિવસને યાદગાર બનાવવા માટે સેલ્ફી કે ફોટોઝ લેવા ઇચ્છતાં હશો તો આવો જોઈએ કેટલાક ફોટો પોઝ જે સોશિયલ મીડિયા પર મૂકતાં જ લાઈક્સ અને વ્યૂઝનો વરસાદ વરસશે.

## કેન્ડીડ પોઝ



દોસ્તોનું ગ્રુપ જ્યારે મઝેદાર હોય ત્યારે બધાં સાથે પિક્ચર ક્લિક કરાવવા પણ ઇન્ટરેસ્ટિંગ હોય છે. તો ફ્રેન્ડસના ગ્રુપ સાથે બેસી હસીમજાક કરતાં હો તો એ પોઝમાં એક ક્લિક કરાવી શકો છો. એ જોવામાં કેન્ડિડ લાગવાની સાથે તમારી મેમરી કેદ કરવાની એક સારી રીત પણ હોઈ શકે છે.

## બેક સાઇડ પોઝ

આ એવા ફ્રેન્ડઝ માટે છે જે કેમેરા સામે આવતાં અચકાય છે. જો તમે મિત્રો સાથે કોઈ ખૂબસૂરત જગ્યાએ જતાં હો, આસપાસ સારો નજારો હોય અથવા તમે ડૂબતા સૂરજ તરફ ચાલી રહ્યાં હો તો ફ્રેન્ડની કમર કે ખભા પર હાથ રાખી તમારી બેક સાઇડની ખૂબસૂરત તસવીર લઈ શકો.

## ફેવરિટ એક્ટિવિટી પોઝ

તમને અને તમારા ફ્રેન્ડઝને કઈ એક્ટિવિટીઝ સૌથી વધારે ગમે છે એ વિચારો. તમે વોક પર સાથે જાવ છો કે બાઇક રાઇડ કરો છો? રોમેન્ટિક-કોમેડી ફિલ્મ જોતી વખતે કેમેરામાં પોપકોર્નનો એક બકેટ શેર કરો છો? તમે અને તમારા બેસ્ટ ફ્રેન્ડ ગમે એ રીતે સાથે સમય વિતાવવાનું પસંદ કરતાં હો - તમે એ ખૂબસૂરત પળોને સેલ્ફી લઈ જરૂર કેદ કરી શકો.

## એક્સેસરીઝ સાથે સેલ્ફી

ફોટો પ્રોપ્સનો ઉપયોગ કરી સેલ્ફીને મજેદાર બનાવવાનું સહેલું છે. બની ઈયર્સ હેરબેન્ડ, તમારી મનપસંદ ટીમના લોગોવાળી કે ફોટો કેપ, સનગ્લાસિસ કે નકલી મૂછો સાથે અલગ-અલગ લુક અજમાવી શકાય.

## ફ્રેન્ડલી હગ

આલિંગન (Hug) પ્રેમની સૌથી નિષ્ઠાવાન અભિવ્યક્તિઓમાંથી એક છે અને બેસ્ટ ફ્રેન્ડ પોઝમાંનો એક છે. એકબીજાને આલિંગન આપતો ફોટોશૂટ કરાવી શકાય.

## પિલો ફાઈટ

તમે પણ નાઇટ આઉટ વખતે કે ભાઈબહેન સાથે પીલો ફાઈટની મજા માણી હશે. ફ્રેન્ડ ફોટોશૂટ માટે પણ આ એક સારી ફન એક્ટિવિટી છે. તમે બેડ પર કૂદી શકો કે એકબીજાને તકિયાથી જોરજોર મારી શકો. જ્યારે પવનમાં રૂ ઊડે ત્યારે તમે ફ્રેન્ડસની સાથે મસ્તી કરતી કેટલીક સારી તસવીરો પડાવી શકો.




## હાથથી હાર્ટ બનાવતો પોઝ

ફ્રેન્ડસ સાથે શાનદાર ફોટોશૂટ માટે હાર્ટ બનાવતો પોઝ પણ ઘણો સારો લાગે છે. મિત્રો સાથે હાર્ટ બનાવતો ફોટો તમે લઈ શકો.

## સેલ્ફી વિથ ફૂડ

તમે બહુ ફૂડી છો અને ફ્રેન્ડસ સાથે દર અઠવાડિયે લંચ પર જાવ છો? તો હાથમાં મોકટેલ ગ્લાસ કે તમારી મનપસંદ ડીશનો સેલ્ફી માટે પ્રોપ્સ તરીકે ઉપયોગ કરી શકાય.

## ગોસિપ પોઝ

બેસ્ટ ફ્રેન્ડઝના ફોટોશૂટ આઇડિયાનો હેતુ દોસ્તીની મહત્ત્વની વાતો દર્શાવવાનો છે અને એમાં ભરોસો અને વાત શેર કરવી બહુ જરૂરી છે. બેસ્ટ ફ્રેન્ડઝ એકબીજાને પોતાનાં રહસ્યો જણાવે છે, ગોસિપ કરે છે. આ પોઝ એ જ વાત દર્શાવશે. કાનમાં કોઈ અંગત વાત કરતો પોઝ... એક યાદગાર તસવીર.



## વિચિત્ર ચહેરા

સેલ્ફી માટે મિત્રો સાથે વિચિત્ર ચહેરા બનાવવા એ મજા કરવાની એક સસ્તી અને સારી રીત છે. એ માટે તમારે કોઈ વસ્તુની જરૂર નથી. બસ થોડી મસ્તી જોઈએ. ફ્રેન્ડઝના ફની ફેસ તમે જ્યારે પણ જોશો ત્યારે તમારા ચહેરા પર ચોક્કસ જ સ્મિત આવશે.



## ટિપ્સ

- જ્યારે તમે ફ્રેન્ડસ સાથે સેલ્ફી લો ત્યારે આ બાબતો ન ભૂલો.
- સ્ક્રીન પર નહિ પરંતુ કૅમેરા લેન્સમાં જુઓ. જ્યારે તમે ફ્રન્ટ ફેસિંગ મોડમાં સેલ્ફી લેતાં હો તો તમારા IPhone ના ફ્રન્ટ પર ગોળ ભાગ હોય છે.
- ડબલ ચિનથી બચવા કૅમેરાને માથાથી થોડો ઉપર રાખો.
- ફોટો લેતી વખતે બેકગ્રાઉન્ડને પણ ધ્યાનમાં રાખો.